# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૪૪ • સળંગ અંક : ૯૫ • તા. ૦૪ એપ્રિલ ૨૦૨૦ થી ૧૦ એપ્રિલ ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# ન જાણ્યુ જાનકી નાથે

# સવારે શું થશે?



## જ્ઞાતિજનોની સેવા માટે તત્પર મેડિકલ ટીમ

બધી ખબર હોય કે

ક્યાં કયો ખેલ રમાઈ રહ્યો છે

છતાં

ન બોલીને સંબંધ સાચવે

તે જ **સંસ્કાર**



નીશિથ આનંદ દંડ


Sure Safety®

Complete Safety Solutions

PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સાચી સંપતિ - શ્રદ્ધા, સંતોષ અને શાંતિ

કોઈ એક જણ તન, મન અને ધનથી સમૃદ્ધ હોય તો શું એ સુખ, સંતોષી હશે ખરુ! તેની પાસે રહેલી સંપત્તિ પ્રભુની કૃપા છે. ધનાઢ્ય હોવું એ સુખ નથી. જો મનમાં અજંપો હોય, ઉચાટ હોય, કોઈ પ્રત્યેની અસૂયા હોય તો એ સંપૂર્ણ સુખ ક્યાં થયું? અઢળક સંપત્તિ હોવા છતાં સુખ માટે, સંતોષ માટે ને પ્રસન્નતા મેળવવા વલખા મારવા પડે એવા જીવનને શું કહેશું? કેટલાક જણ સુખ, સમૃદ્ધિ હોવા છતા પીડા અનુભવતા હોય છે. સતત સંતોષી રહે એ માટે વલખા મારતા હોય છે. પ્રકૃતિની કૃપાથી જે મળ્યું છે. જે હકિકતમાં આપણા ભાગ્યનું છે એને માણો, પણ કોઈ વાતનો અજંપો મનને જંપવા દેતો નથી. વર્તમાનના વહેણમાં વહેતા વહેતા આપણે સમૂળગા બદલાઈ જઈએ. એ જ સમય - સંજોગની માંગ છે. વહેતા પાણીના વહેણને ઓળખીને તેના પ્રવાહમાં વહેતા રહેવું એ સુખ છે પણ એની સામે થઈ આગળ વધવું એ સાહસ છે. સમય અને સંજોગોને પારખી જે બદલાઈ જાય છે એ સુખ ભોગવે છે પણ, જે સમય અને સંજોગોને ઓળખી શકતો નથી તે યાતના ભોગવે છે.

જેના પાસે અઢળક ધન હોય તે સંપૂર્ણ સુખી હોય એવું હોતું નથી. આ મનુષ્ય દેહ મળ્યો એ પ્રભુની પરમ કૃપા છે પણ એની સાથે મળેલા સુખ દુઃખના આટાપાટા આપણા કર્મોની દેન છે. મનુષ્ય એ જીવનકાળ દરમ્યાન સેવા, સદ્ઉપયોગ અને ભલાઈ પરોપકાર ના કામ કરતાં રહેવા જોઈએ. સૌ પ્રત્યે પ્રેમપૂર્વક વ્યવહાર રાખીએ. સ્નેહ, સમર્પણનો ભાવ રાખીએ તો સુખની ઘડીઓ વધુ ઈન્તેઝાર કરાવતા નથી. બીજાઓના સુખને જોઈ, તેમને આનંદ ખુશી સાથે જીવન વિતાવતા જોઈ સંતોષ પામે એ સાધુ પ્રકૃતિ ભાવ છે. અન્યના સુખમાં આનંદિત થવું એ અંતરને ઉજળા કરે છે. અન્યો પ્રત્યે ભલાઈ રાખવી, પરોપકાર ભાવનાથી તેમનું હિત જોવું એ સાધુ પ્રકૃતિનું લક્ષણ છે. કોઈને કંઈક આપીને વળતરની આશા રાખવી એ વ્યવહાર છે. પણ, આપીને આનંદ માણવો સજ્જન પ્રકૃતિ છે. માણસ અન્યને દિલથી આપે, સંતોષ પામીને હેતપૂર્વક આપે એ ભલે કથીર હોય તો પણ કંચન આપયા તુલ્ય છે. એનો મોલ કોઈ શબ્દ કે વ્યાખ્યામાં વ્યક્ત થઈ નથી શકતો.

આપણને મળેલા જીવનને સાચા માર્ગે વાળવા ધર્મના સંસ્કારો કામ આવે છે. દરેક માણસમાં પ્રેમનો ઝરો વહેતો હોય છે. માત્ર તે અપ્રકટ હોય છે તેને પ્રકટ કરવાની જરૂર છે. લાગણી અને સ્નેહબંધન જીવમાત્ર પ્રત્યે રાખવાથી ધર્મનો પુનિત ભાવ જાગે છે. ધાર્મિક પ્રકૃતિના માનવીનો આત્મા મુરઝાયેલો નહીં પણ ખીલેલો હોય છે. કોઈને નિઃસ્વાર્થ ભાવે મદદ કરવામાં આપણો ભાવ, આપણી લાગણી કેવી હોય છે એ જ મહત્વની બાબત છે. કોઈને ઉપયોગ આવી અહંકાર ભાવ જાગવો એ આત્મા પ્રત્યે હિંસાનું અદ્રશ્ય સ્વરૂપ છે. હેત, ભાવ, પ્રેમ અને નિઃસ્વાર્થ ભાવે કોઈને ઉપયોગી થઈ શ્રદ્ધા અને સંતોષ સાથે શાંતિ પામીએ તો ધન, દોલતના ખજાનાઓની તુલનામાં એ અધિકને અઢળક મુલ્યવાન રહેશે. દેખાવ, દંભને ડોળ કરતાં સાચી સંપત્તિ એટલે કે જીવમાત્ર પ્રત્યે સેવા શ્રદ્ધા, સંતોષ અને શાંતિ ધરાવીએ અને સુખ પામીએ.

- જય જ્ઞાતિમૈયા

KDO

**Shri Samast Mahajan**
**Medical Committee Initiative**

KDO SANJIVANI

# જ્ઞાતિજનોની સેવા માટે તત્પર મેડિકલ ટીમ

Greetings from **Shree Samast KDO Jain Mahajan.**

We are here with, one more initiative by Medial Committee, **SAMAST MEDI ASSIST** a WhatsApp Helpline Service exclusively for our KDOs.

Many of the Routine Medical Services are not functional because of Corona, Thus we have thought of creating a support system for our KDOs **during Lockdown.**

**What to expect:**

We will be **Guiding on Medical Queries** on the phone.

**Example**

My Child is 3 month old and vaccination is due.

What should I do as clinic is closed because of lockdown?

**Remember:**

Please respect the time slots

No Treatments / Medicines will be prescribed.

No Chronic or Long Standing Illnesses will be discussed

**Request**

We will prefer WhatsApp as the mode of calling.

Before calling do send your name, age & city by WhatsApp.

**Disclaimer**

We are doing this purely as a volunteer service and will not be held responsible for the decisions you make based on our guidance.

Also sharing **Govt Helpline Numbers** for Corona related queries.

**Government of India**
**Helpline Numbers for corona virus:**
**+91-11-23978046**

**Indian Medical Association Numbers**
**+91 9999672238, +91 9999672239**

**Helpline Numbers of**
**States & Union Territories (Uts)**

| S. No | Name of the State | Helpline Nos. |
|---|---|---|
| 1 | Andhra Pradesh | 0866-2410978 |
| 2 | Arunachal Pradesh | 9436055743 |
| 3 | Assam | 6913347770 |
| 4 | Bihar | 104 |
| 5 | Chhattisgarh | 104 |
| 6 | Goa | 104 |
| 7 | Gujarat | 104 |
| 8 | Haryana | 8558893911 |
| 9 | Himachal Pradesh | 104 |
| 10 | Jharkhand | 104 |
| 11 | Karnataka | 104 |
| 12 | Kerala | 0471-2552056 |
| 13 | Madhya Pradesh | 104 |
| 14 | Maharashtra | 020-26127394 |
| 15 | Manipur | 3852411668 |
| 16 | Meghalaya | 108 |
| 17 | Mizoram | 102 |
| 18 | Nagaland | 7005539653 |
| 19 | Odisha | 9439994859 |
| 20 | Punjab | 104 |
| 21 | Rajasthan | 0141-2225624 |
| 22 | Sikkim | 104 |
| 23 | Tamil Nadu | 044-29510500 |
| 24 | Telangana | 104 |
| 25 | Tripura | 0381-2315879 |
| 26 | Uttarakhand | 104 |
| 27 | Uttar Pradesh | 18001805145 |
| 28 | West Bengal | 1800313444222, 03323412600, |

KDO

**Shri Samast Mahajan**
**Medical Committee Initiative**

KDO SANJIVANI

# આપણા જ સમાજના તબીબોનો આપણને છે સધિયારો

**આપણા સમાજના કેટલાક તબીબો સૌની સુખાકારી માટે પોતાની સેવા આપવા તત્પર છે.**

# SAMAST MEDI ASSIST

**2nd April to 15th April 2020**

## સવારનો સમય

**Dr. Madhukant Dharamshi**
Mumbai, Ghatkopar
All Days
Timing : 10am to 12pm
**(M) 9825226538**

**Dr. Usha Meisheri**
Valsad
Monday to Saturday
Timing : 10am to 1pm
**(M) 9879010723**

**Dr. Kantilal N. Dand**
Mumbai, Ghatkopar
All Days
Timing : 12pm to 2pm
**(M) 9821071815**

**Dr. Arti N. Dharaskar**
Nagpur
Monday to Friday
Timing : 12.30pm to 1.30pm
**(M) 9823154927**




## બપોરથી રાતનો સમય

**Dr. Harish Lapsia**
Thane, Ambernath
All Days
Timing : 3pm to 6pm
**(M) 9820087897**

**Dr. Bimal M. Nagda**
Mumbai, Mulund
All Days
Timing : 4pm to 6pm
**(M) 9769742928**

**Dr. Hetal T. Nagda**
Mumbai, Mulund
Monday to Friday
Timing : 5pm to 6pm
**(M) 9987456112**

**Dr. Preet P. Khona**
Gadag
All Days
Timing : 5pm to 7pm
**(M) 9886115014**

**Dr. Bhagyashri Dharamshi**
Wardha (MH)
All Days
Timing : 6pm to 7pm
**(M) 7447617954**

**Dr. Tarak G. Shah**
Mumbai, Ghatkopar
All Days
Timing : 8pm to 9pm
**(M) 9004927799**

KDO

KDO SANJIVANI

**Shri Samast Mahajan**
**Medical Committee Initiative**

## આપણા જ સમાજના તબીબોનો આપણને છે સધિયારો

**આપણા સમાજના કેટલાક તબીબો સૌની સુખાકારી માટે પોતાની સેવા આપવા તત્પર છે.**

# SAMAST MEDI ASSIST

**2nd April to 15th April 2020**

# ARE YOU ANXIOUS?

Help is just a Phone Call away
( Only for KDOs)

# MIND HELP

**Dr. Parth Nagda** (M.D., Psychiatry)
**Kolhapur**
All Days
Timing : 10am to 11am & 7pm to 8pm
**(M) 9986509777**

**Dr. Rajashri Bhise**
(Clinical Psychologist)
**Thane**
All Days
Timing : 3pm to 5pm
(Eng/Mar/Hindi)
**(M) 9820725531**

**Dr. Madhubala M. Lodaya**
(Clinical Psychologist)
**Hubli**
All Days
Timing : 4pm to 6pm
**(M) 9449914611**

**Is your family member depressed?**
**Help him / her get help to calm him/her down at the right time – Contact the Help line.**

## સુચના

**ડૉક્ટરો પોતાનો અમુલ્ય સમય સેવા માટે પ્રદાન કરી રહ્યા છે. ત્યારે ફક્ત અને ફક્ત જણાવેલ સમયે જ ફોન કરવો.**

# સમસ્ત મહાજનની મેડિકલ કમિટી દ્વારા કોરોનાથી સર્જાયેલી પરિસ્થિતિમાં ઘરેબેઠા મેડિકલ માર્ગદર્શન મેળવવા ડોક્ટરોની યાદી જાહેર કરાઈ

શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજનની મેડિકલ સમિતિ દ્વારા હાલે સંપૂર્ણ પણે લાગુ કરાયેલ લોકડાઉનને કારણે મેડિકલ માર્ગદર્શન મેળવવા માટે ઘણા જણ અસહાયતા અનુભવે છે. કોરોના વાયરસ બદલ ઘણા સવાલો ધુમરાયા કરતા હોય છે. સ્ટે હોમ રહીને નાગરિકો માટે કેન્દ્ર ગર્વમેન્ટ કોરોના વિષયે પ્રશ્નો માટે માર્ગદર્શન મેળવવા રાજ્યવાર હેલ્પ લાઈન નંબર જાહેર કર્યા છે.

તે ઉપરાંત સમસ્ત મહાજનની મેડિકલ સમિતિએ જ્ઞાતિના તબીબીઓ જ્ઞાતિજનોના સવાલોના જવાબ આપવા આગળ આવ્યા છે. તેમના નામ, નંબર અને કન્સલ્ટિંગ સંપર્ક માટે વાર અને સમયની યાદી તૈયાર કરી છે. જે તા. ૨ એપ્રિલથી ૧૫ એપ્રિલ સુધીના સમયગાળામાં જ્ઞાતિજનોને મેડિકલ વિષયક સલાહ સૂચન અને માર્ગદર્શન ઘર બેઠાં ફોન ઉપર આપશે.

જ્ઞાતિના બહુશ્રુત તબીબો જ્ઞાતિજનોની સુખાકારી તેમજ સ્વાસ્થ્ય સલાહ આપવા માટે પહેલ કરી આગળ આવ્યા છે. જે અનુમોદનીય સેવા છે. હાલની પરિસ્થિતિનો કારણે બહાર નીકળવું સલાહ ભર્યું નથી અને વિવિધ રોગોને લગતી સલાહ, નાના બાળકો વયસ્ક વડીલજનો, તેમજ સૌ માટે ઉપયોગી થશે. જે માત્ર ધ્યાન એટલું જ રાખવાનું કે આ સૌ વિદ્વાન તબીબો સાથે માત્ર જણાવેલ સમય દરમ્યાન જ સલાહ. માર્ગદર્શન મેળવવું એ વિનંતી મેડી ઓસ્ટિન્ટની સૂચિ જાહેર કરતાં સમસ્ત મહાજનનાં સેક્રેટરી જનરલ નીશિથ આનંદ દંડએ કરી છે.


JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# સમગ્ર ગુજરાતમાં વસતા જ્ઞાતિ પરિવારજનોને જોઈતી કોઈપણ પ્રકારની મદદ માટે અપીલ

ગુજરાતના શહેર તથા ગામડામાં વસતા પરિવારનો જે હાલમાં પ્રર્વતતા કોરોના વાયરસના પ્રકોપથી સંકટકાળમાંથી પસાર થઈ રહ્યાં છે. ધંધા રોજગાર ઠપ થઈ જવાથી સામાન્ય પરિવાર ન કહેવાય ન સહેવાય જેવી પરિસ્થિતમાંથી ગુજરી રહ્યાં છે.

સમગ્ર ગુજરાતમાં વસતા તમામ કેડીઓ પરિવારજનોને કોઈ પણ પ્રકારની મદદ દવાઓ કે બીજી અન્ય કોઈ પણ ચીજ વસ્તુની જરૂરિઆત હોય તો ગુજરાતની ટીમ સતત કાર્યશીલ છે. તો જરૂરિઆત મંદોએ નીચે દર્શાવેલ નંબર ઉપર સંપર્ક કરવો. આમ એમને જ્ઞાતિની સેવા કરવાની તક આપવા ગુજારીશ છે. જરૂરિયાત મંદનું નામ અત્યંત ગુપ્ત રાખવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

સંપર્ક નંબર રાજેશભાઈ અમદાવાદ-૯૯૨૫૦૩૮૮૯૬ કમલેશભાઈ વડોદરા-૬૩૫૧૩૦૨૧૭૯, જીગરભાઈ સુરત-૮૪૦૧૧૦૦૫૯૭, કમલેશભાઈ અંકલેશ્વર-૯૮૨૫૦૪૨૨૦૮, બેલાબેન વાપી -૯૯૯૮૭૫૫૪૦૫, સુનિલભાઈ જામનગર-૯૭૨૭૫૯૯૯૯૯, મહેન્દ્રભાઈ ભાવનગર-૯૪૨૬૨૦૪૮૨૦, ભાવેશભાઈ હાલોળ-૯૮૭૯૨૪૮૦૯૯, બિમલભાઈ આણંદ-૮૯૮૦૧૦૪૭૧૯, હર્ષભાઈ વલસાડ-૯૯૭૯૬૬૭૭૨૨, તેજકુમારભાઈ રાજકોટ-૯૬૬૪૯૬૪૩૪૬.

# સમસ્ત મહાજનની યુવા સમિતિ પ્રસ્તુત ઈન્સ્ટ્રાગ્રામ પર મોર્ડન કૂકીંગ બાય ડેઝી લોડાયા

સમસ્ત કેડીઓ મહાજન દ્વારા ઈન્સ્ટ્રાગ્રામ પર મોર્ડન કૂકીંગ બાય ડેઝી લોડાયાનો શો રીલીઝ કરાયો છે. જેમાં વિવિધ જાતની વાનગીઓ બનાવવાની પદ્ધતિઓ લાઈવ ડેમો આપશે. https://www.instagram.com/tv/B-WiAToH59_/?utm_source લીંક દ્વારા આ શો જોઈ શકાશે. પ્રસ્તુત વિડીયોમાં ત્રણ મોકટેલનો લાઈવ ડેમો આપેલ છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કેડીઓ સ્ટુડન્ટ્સ એસોસીએશનનો પ્રેરણાત્મક સંદેશ

શ્રી કચ્છી દશા ઓસવાળ સ્ટુડન્ટ એસોસીએશન દ્વારા હાલના લોકડાઉન પરિસ્થિતિમાં જ્ઞાતિ પરિવારોને ઘરમાં રહી સુરક્ષિત રહેવા વિશે એક પ્રેરણાત્મક પોસ્ટર અંગ્રેજી ભાષામાં રીલીઝ કર્યો છે.

આ માત્ર કર્ફ્યુ નથી, તમારી સંભાળ રાખવાની જરૂરિયાત છે. ઘરમાં રહો, સ્વસ્થ રહો, સુરક્ષિત રહો. એકબીજાથી સુરક્ષિત અંતર રાખો. સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવો. ભારત સાથે કોરોનાનો જંગ ૨૧ દિવસનો લોકડાઉન ભારતમાં. કેડીઓ સ્ટુડન્ટ એસોસીએશનના પ્રેસીડન્ટ ઉર્મિન જયેશ લોડાયા છે.




# માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટની ત્રિદિવસીય પ્રવાસ યાત્રા સફળતાપૂર્વક પરિપૂર્ણ થઈ

માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટની ૩ દિવસીયની કુંભોજગી, કોલ્હાપુર, સાંગલી, શિરોલી, કરાડ અને લોનાવલા પ્રવાસયાત્રા સફળતાપૂર્વક સંપન્ન થઈ.

મહિલા ગૃહ ઉદ્યોગનો સ્ટાફ તથા ટ્રસ્ટના કમિટી મેમ્બરો આ પ્રવાસમાં જોડાયા હતા. આ અગાઉ નવેમ્બર માસમાં સૌને શીખરજી તીર્થની યાત્રા કરાવી હતી. એ પછી નાની યાત્રા રૂપે કુંભોજગીની યાત્રા યોજાઈ.



મુલુંડથી મીની બસ દ્વારા રવાના થઈ પ્રથમ શિરોલી પહોંચ્યા, જ્યાં દર્શન, નવકારશી બાદ કુંભોજગીમાં સેવા પૂજા અને ભોજન કર્યું. ત્યારબાદ મ્યુઝિયમ દર્શન, સાંગલીમાં ૨ દેરાસરમાં દર્શન કર્યા. પછી ગણપતિ મંદિરમાં દર્શન કર્યા. ચૌવિહાર પછી ભક્તિ ભાવના કરી શિરોલીમાં રાત્રિ રોકાણ કર્યું.

તૃતીય દિવસે શિરોલીથી કોલ્હાપુર માટે પ્રસ્થાન કર્યું. જ્યાં ૨ દેરાસરમાં દર્શન વંદન કર્યા અને અંબામાઈ માતાના મંદિરે દર્શન કર્યા. ભોજન કર્યા પછી ત્યાંથી રવાના થઈ. કરાડ હાઈવે સ્થિત દેરાસરે દર્શન કર્યાં. ત્યાં વિરામ પછી ચા-પાણી ગ્રહણ કરી લોનાવલા તરફ પ્રસ્થાન કર્યું. જ્યાં હેમંતભાઈ મોતાની હોટલ સંચેતી લોનમાં ભોજન કર્યું. આ ભોજન સેવાનો ચાર્જ તેઓ ન લેતા આ ભોજન તેમના તરફથી સ્પોન્સર્સ કરેલ.

શ્રી હેમંતભાઈ મોતાના સહકાર્યની નોંધ લઈ ગૃહઉદ્યોગ ટ્રસ્ટ તેમની અનુમોદના કરી. રાત્રે પાછા મુલુંડ સુખરૂપે સૌ પહોંચ્યા. આ યાત્રા પ્રવાસની સંપૂર્ણ જવાબદારી મંડળના સેક્રેટરીશ્રી અજીત લોડાયાએ સુચારુ રીતે સંભાળી હતી.

# મુંબઈ મહાજનના પ્રમુખ નયન ભેદાનો જ્ઞાતિજનો જોગ વિડીયો સંદેશ



વર્તમાન સંજોગોમાં દેશભરમાં લોકો લોકડાઉનને કારણે ઘરવાસમાં લોકસંપર્કથી અળગા છે. તા.૧ એપ્રિલના કેડીઓ મુંબઈ મહાજનના વિઝનરી પ્રમુખ નયન અશોકભાઈ ભેદા જ્ઞાતિજનો સાથે કચ્છી ભાષામાં સંવાદ કરતા વિડીયો રીલીઝ કર્યો છે.

જય જયશ્રી અનંતનાથ આપ સૌને મારા જય જિનેન્દ્ર સૌ કેમ છો? હું સૌને હાથ ધોતા રહેવા કહેવા સેનીટાઈઝર વાપરવા મોઢા ઉપર માસ્ક પહેરો એ કહેવા નથી આવ્યો. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આપણને જે કંઈ જણાવે છે એ આપણે સૌ સાંભળીએ છીએ એવી મને ખાતરી છે. આજે ૧ એપ્રિલ ૨૦૨૦ આજના દિવસથી અમારી ટીમ પાંચ વર્ષના કાર્યકાળ માટે કાર્યરત થઈ રહી છે. બહુજ જુસ્સો છે પણ, કોરોનાને લીધે પહેલો પ્રોગ્રામ ૧૯ એપ્રિલના રાખેલ હતો. જે મુલત્વી રાખેલ છે અમે ૨૦૧૦-૨૦૧૫ની ટર્મમાં એસએમએસ સર્વિસ આરંભ કરી હતી. હવે સ્માર્ટ જ્ઞાતિજનો પાસે સ્માર્ટ ફોન ૧૦ વર્ષ દરમ્યાનમાં સૌ પાસે આવી ગયા છે જે હવે એસએમએસ સર્વિસને વોટ્સએપ સર્વિસમાં અપગ્રેડ કરી રહ્યાં છીએ. જેનો નંબર સૌને મેસેજ સર્વિસ થ્રુ સૌને મળી જશે. સૌ જલ્દીથી આ સર્વિસમાં એનરોલ કરાવી લેશોજી.

કોરોના વાયરસને કારણે આવેલ લોકડાઉનને લીધે ઘણા જણ જ્ઞાતિભાઈ મુસીબતમાં આવી ગયા હશે એવા સૌને અમારા તરફથી જે કોઈપણ મદદની જરૂરત જોઈતી હોય તેઓએ અમારી ટીમનામાંથી કોઈનો પણ સંપર્ક કરજો. અમે હંમેશા તમારી મદદ માટે સદાય તત્પર છીએ. આભાર.

## ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા પીએમ રાહત ફંડમાં રૂા.૧૧,૦૦૦ મોકલી અને દેશ ભક્તિનું ઉદાહરણ પુરુ પાડયુ






# KDO WARRIORS AGAINST COVID-19

## જખૌના જરૂરતમંદ પરિવારોને મહાજન દ્વારા સહાયની અપીલ

શ્રી રત્નટુંક જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટ જખૌ - ક.દ.ઓ. જૈન જખૌ વાસીઓ માટે ''જખૌ સાધર્મિક કેયર ફંડ''

કોરોના વાઇરસ જેવી મહા ભયંકર બિમારીમા લોકોને આર્થિક કટોકટી સર્જાતા અતી જરૂરિયાતમંદ પરિવારો ને રુ ૧૫૦૦ રોકડા પરિવાર દીઠ ક.દ.ઓ.જૈન જખૌવાસીઓ ને સહાય રૂપે આપવાનું નકકી કરેલ છે. જે કોઈ અતિ જરૂરિયાત મંદ પરિવાર ને લાભ લેવો હોયતો તેમણે મહાજનશ્રી ના નીચે આપેલ અધિકારીઓ નો સંપર્ક કરવા વિનંતી.

(મદદ લેનાર વ્યક્તિનું નામ ગુપ્ત રાખવામા આવશે)

ખાસ નોંધ :- સહાયક દાતા તરીકે આપ ફુલ નહી તો ફુલ ની પાંખડી રૂપે ફાળો લખાવી કાર્ય ને સફળ બનાવવા કૃપા કરશો. સંપર્ક - જયંતીલાલ મૈશેરી (મુલુંડ) ૯૮૧૯૭૪૮૨૫૦, ચાપશી હેફા (મુલુંડ) ૯૮૨૦૬૫૯૮૦૯, રાયચંદ જીવાણી (ડોમ્બીવલી) ૮૭૭૯૮૭૫૧૦૯, અજય સિયાલ (ડોમ્બીવલી) ૯૮૧૯૯૮૯૨૭૧, યોગેશ મુનવર (વેસ્ટર્ન) ૯૮૩૩૭૯૫૨૧૨, સરોજબેન મુનવર (ઘાટકોપર) ૮૮૫૦૭૩૭૩૫૬, વિપુલ લોડાયા (નાસિક) ૯૮૨૨૦૨૫૬૫૧.

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ મુંબઈ દ્વારા જરૂરતમંદોને સહાય

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા ખૂબ જહેમત ઉઠાવીને અંબરનાથ, બદલાપુર, ઉલ્લાસનગર, વિઠ્ઠલવાડી તથા ડોંબિવલીમાં ૧૨૦ પરિવારને ઘરોઘર જઈને અનાજ મસાલા સાથે રોજની જરૂરિયાતની ઉપયોગી વસ્તુઓની કીટ અર્પણ કરવામાં આવી. અભય સોમચંદ લોડાયાના નેતૃત્વ હેઠળ આઈશ્રી દેશદેવી મિત્ર મંડળ આશાપુરા મઢ જતાં સાયકલવીરોના સેવક બે દિવસથી અનાજ મસાલા કીટની પેકીંગ માટે તનતોડ મહેનત કરેલ સાથો સાથ પેકીંગ માટે જગાની વ્યવસ્થા કરી આપેલ હતી. આપણા કેડીઓ સમાજના સાધર્મિકભાઈઓ માટે જે કીટ બનાવેલ એવા વિરલા કાર્યકરો અભય લોડાયા, તરૂણ વીરચંદ લોડાયા, દીપક વીરચંદ લોડાયા, સુજલ દીપક, જય તરૂણ, શરદ સોમચંદ લોડાયા (સાંધવ), પરેશ ખીમજી નાગડા, પરાગ મનિષ મૈશરી, રબિન જયંતિ છેડા, કેયુર છબિલદાસ પારેખ, પંકજ ધનજી રાજગોર, ચિંતન નરેશ દંડ, રાજીવ સોમચંદ નાગડા, આ સૌનો ઉમદા સહયોગ મળવા બદલ ગ્રુપ એ તમામનો આભાર માનેલ શાસન તથા સમાજના ઉમદા કાર્યો શાંતિનાથ દાદા-વાછરાદાદાના આશીષથી તેઓ સદાય કરતા રહે.

શાંતિજિન ગ્રુપના કાર્યકરો વિપુલ પટેલ, વિરેન્દ્ર લોડાયા, જયેશ લાલકા, ભાવેશ મોતા, પરેશ ખોના, કેવલ લાલકા, વિરલ ધરમશી, કુસુકાંત લાલકા, ભાવનાબેન મોમાયા, ક્રિકેશ મૈશરી, વિરચંદ ખોના, પ્રવીણ મોતા, ભાવીનીબેન. આ કાર્યને સફળ રીતે પાર પાડવા જાહેરાત ઉઠાલી હતી જે ખરેખર અનુમોદનીય છે. આ કપરા કાળમાં બન્ને ગ્રુપના કાર્યકરોએ તનતોડ મહેનત કરી રહ્યાં છે. તે માટે સૌનો આભાર માની ગ્રુપ અનુમોદના કરે છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# KDO WARRIORS AGAINST COVID-19

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ દ્વારા સાધર્મિક સહાય







કોરોના વાયરસના પ્રકોપ સમગ્ર વિશ્વના દેશોમાં વધતો ગયો છે. તેના વધતા જતા ફેલાવાથી બચવા કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં તા.૨૫ માર્ચથી ૧૪ એપ્રિલ સુધીનો ૨૧ દિવસનો સંપૂર્ણ લોકડાઉન જાહેર કરાયો છે. આ આદેશ અમલ થવાથી સામાન્ય વર્ગ પોતાના ધંધા, રોજગાર છોડી ઘરે બેસવાની પારી આવી છે. આર્થિક સંકડામણમાં જ્ઞાતિજનોને બચાવવા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ બહાર આવ્યું છે.

સંઘ દ્વારા જરૂરતમંદ પરિવારોને રેડી ટુ ઈટ પેકેટ, અનાજ વિતરણ ગુપ્તપણે મદદ કરાય છે. આ સાધર્મિક સહાય યોજનાના ચોથો રાઉન્ડ દાતા ગણેશ ડેવલપર્સ, ધનલક્ષ્મી ટ્રેડીંગ પુનશીભાઈ લઘુભાઈ લોડાયા રાપર ગઢવારીના સહયોગથી પૂર્ણ થયો. ઉદાર દિલ દાતાશ્રીની સંઘ ભુરી ભુરી અનુમોદના કરે છે.

## ખાનદેશ પ્રાંતમાં વસતા જ્ઞાતિ પરિવારોને વહારે શ્રી પદ્મમુક્તિ વાસ્તલ્ય નિધિ ટ્રસ્ટ ચાલીસગામ

કોરોના વાયરસ જેવી મહાભયંકર બીમારી સામે આર્થિક તેમજ વિવિધ પરિસ્થિતિઓની કટોકટી નિર્માણ થતાં ખાનદેશ પ્રદેશમાં વસતા દૈનિક ધોરણે કમાતા જરૂરિઆતમંદ કેડીઓ જ્ઞાતિના પરિવારો માટે ખાનદેશ રત્ના પ.પૂ.સા.શ્રી જયદર્શિતાજીની મ.સા.ની અનન્ય પ્રેરણાથી તથા પ.પૂ.સાશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ના માર્ગદર્શન હેઠળ શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ ચાલીસગામ તરફથી સહાય યોજના શરૂ કરેલ છે. જ્ઞાતિના સાધર્મિક ભાઈઓ જે દૈનિક કમાઈથી ગુજારો કરતાં હોય અને નાના પાયે ગૃહઉદ્યોગ કરતા હોય તેમના માટે ગુજરાત ચલાવવું કઠિન ભર્યું થયું છે. તે ધ્યાનમાં રાખી જ્યાં સુધી કર્ફ્યુ છે તે દરમ્યાન જરૂરિયાત જ્ઞાતિ પરિવારોને અનાજ કીટ-રાશન સામ્રગી પરિવાર દીઠ આપવામાં આવશે.

જે કોઈ જરૂરિયાતમંદ પરિવારને આ લાભ લેવો હોય તેમણે નીચે જણાવેલ અધિકારી બહેનોનો સંપર્ક કરવો.

દિપાબેન લોડાયા ચાલીસગામ-૮૮૮૮૫૨૦૪૯૮, પુષ્પાબેન ડાઘા પારોલા-૯૬૫૭૫૭૭૮૪૦, સીમા લોડાયા ચાલીસગામ-૯૮૮૧૬૨૨૩૯૧, ભારતીબેન લોડાયા જલગામ-૯૪૨૦૩૮૮૫૩૩, રેખાબેન મોમાયા-ચાલીસગામ ૯૪૨૩૯૭૮૫૯૮, લક્ષ્મીબેન લોડાયા-પાચોરા ૭૯૭૭૪૦૨૩૦૭, અંજનાબેન જૈન-ચાલીસગામ ૯૮૫૦૩૬૦૩૪૩, નીલમબેન મોમાયા-ચાલીસગામ ૯૮૬૦૪૫૪૫૫૨ તથા હેમલબેન પોલડીયા ચાલીસગામ-૮૯૫૬૩૭૨૨૨૭.

# KDO WARRIORS AGAINST COVID-19

## કદઓ જૈન જ્ઞાતિ મહાજન ગદગ દ્વારા માસ્ક તેમજ સેનિટાઈઝર વિતરણ




મહાવીર જયંતિ નિમિતે ગદગ નિવાસી કદઓ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા લોકડાઉનનો અમલ કરાવવા સખત પરિશ્રમ કરતા પોલીસ કર્મીઓ અને મ્યુનિસીપાલીટીના કર્મચારીઓને માસ્ક અને સેનિટાઈઝર તેમજ રોકડ રકમ આપી તેમનું અભિવદાન કર્યું હતું.

## લોકડાઉનના કપરા કાળમાં જરૂરતમંદ પરિવારને શ્રી કદઓ જૈન કચ્છ એકમ દ્વારા રોકડ સહાય અપાશે

સમસ્ત કચ્છ વિસ્તારના સર્વે જ્ઞાતિજનો વર્તમાન પરિસ્થિતિમાં રાજ્ય તથા કેન્દ્ર સરકારના આદેશાનુસાર બધા સખત રીતે લોકડાઉનનો પાલન કરી રહ્યાં છે. જેથી વિષાણુ રોગ કોરોનાની મહામારી આગળ ન વધે. સૌ પ્રતિબંધિત આદેશોનો પાલન કરી પોતાના ઘરે રહે અને કુટુંબી જનોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે.

શ્રી કચ્છ દશા ઓસવાલ જૈન કચ્છ એકમ દ્વારા કોરોના મહામારીને લીધે સર્જાયેલી વિકટ પરિસ્થિતિમાં કચ્છમાં રહેતા જરૂરિયાતમંદ કદઓ જૈન જ્ઞાતિજનોનો સહાયરૂપ થઈ બે મહિના માટે પ્રત્યેક મહિને રૂ. ૧૫૦૦ની રોકડ સહાય આપવાનું નક્કી કરેલ છે. આજ સુધી ૧૩૮ પરિવારોને સહાય કરેલ છે. જરૂરિઆતવાળા પરિવારોએ કચ્છ એકમના કોઈપણ કારોબારી સભ્યનો સંપર્ક કરી લાભ લે એ વિનંતી કચ્છ એકમ દ્વારા કરાઈ છે. આ મેસેજ કચ્છના દરેક ગ્રુપમાં જણાવવાની વિનંતી પણ એકમ દ્વારા કરાઈ છે.

## ખંડવા નિવાસી કદઓ જૈન જ્ઞાતિ દ્વારા જ્યુસનું વિતરણ




ખંડવા નિવાસી કદઓ જૈન જ્ઞાતિના મીરાબેન ડાઘા અને હીનાબેન નાગડા દ્વારા લોકડાઉનનો અમલ કરાવવા સખત પરિશ્રમ કરતા પોલીસ કર્મીઓ અને હેલ્થ ડીપાર્ટમેન્ટના કર્મચારીઓને ગરમીના દિવસોમાં જ્યુસનું વિતરણ કરી રાહત આપતું કાર્ય કર્યું હતું.

# સમસ્ત મહાજનની B2B સમિતિ દ્વારા લોજીસ્ટિક વિષયગત કેડીઓ વોટ્સએપ ગ્રુપ શરૂ કર્યું

કેડીઓ લોજીસ્ટિક ગ્રુપ દ્વારા રોડ ટ્રાન્સપોર્ટેશન સેક્ટરમાં જ્ઞાતિના બહુ સંખ્યજણ સંકળાયેલા છે. આ વ્યવસાય અનેક રીતે વિસ્તરતો જાય છે. આ બિઝનેસમાં વિવિધ રીતે જોડાયેલા જ્ઞાતિજનો વિકસીત થતી ટેકનોલોજી, પરિવહન વાહનોમાં આવતા નવા મોડલ, સુધરતા રસ્તાઓ, ટોલનાકાઓ પરની સમસ્યા સરકાર દ્વારા વસુલાતા કર, આ બિઝનેસ લગતા અનેક કાયદાથી સૌ અપડેટ રહી પોતાનો બિઝનેસ આગળ વિકસાવે એની પહેલરૂપે શ્રી કેડીઓ જૈન મહાજન ચેન્નાઈના શ્રી કીર્તિભાઈ ધનજી ધરમશી અને તેમના બિઝનેસ મિત્રોની પ્રેરણા અને સાથથી કેડીઓ લોજીસ્ટિક વિષયગત (Logistic Theatic) વોટ્સએપ ગ્રુપ શરૂ કરાયું છે.

આ ગ્રુપમાં લોજીસ્ટિક અને તેને સંબધિત બિઝનેસમાં જોડાયેલા સૌ કોઈ આ ગ્રુપમાં સહભાગી થઈ શકશે. માત્ર આ બિઝનેસને લગતા મેસેજ-માહિતી જાણકારી સિવાય ઈતર મેસેજ આ ગ્રુપમાં પ્રતિબંધિત રહેશે. લોજીસ્ટિક બિઝનેસ સાથે સંકળાયેલ વ્યવસાવિકોને માટે આ ગ્રુપ ઉમદા ભૂમિકા આપી શકશે.

સદર ગ્રુપમાં જોડાવવા નીચે આપેલ લીંકનો ઉપયોગ કરવો.

https://chat.whatsapp.com/L8xzPja6Uoq9pQZpOCROb4

# સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા ઈન્સ્ટ્રાગ્રામ ઉપર મ્યુઝિક, આર્ટ અને હેલ્થના વિડીયો રીલીઝ કરાયા

સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા હાલે કોરોના વાયરસને કારણે સ્ટે હોમ રહેલા જ્ઞાતિજનોને ઉપયોગી થાય એવા મ્યુઝિક, આર્ટ અને હેલ્થ વિષયના ચાર વિડીયો ઈન્સ્ટ્રાગ્રામ પર રીલીઝ કરાયા છે.

હેલ્થ ફિટનેસ પરનો વિડીયો યશ શાહનો જેમાં વિવિધ ફિટનેસ પોઝીશન દ્વારા શારીરિક ફીટનેસ જાળવા માટેનો ડેમો અપાયો છે. જેની માટેની લીંક છે. https://www.instagram.com/tv/B-V7PVsHn45/?utm_source.

ઝુમ્બા ફિટનેસ વિડીયો જોવા માટેની લીંક છે. https://www.instagram.com/tv/B-Wznl3ntfK/?utm_source છે. પેઈન્ટીંગ આર્ટનો વિડીયો ક્લિપ જોવા માટેની લીંક https://www.instagram.com/tv/B-ZDNXjnZV9/?utm_source છે. આ આર્ટ એચ.આર.લોડાયા દ્વારા પ્રસ્તુત કરાઈ છે.

તે ઉપરાંત સોંગવિડીયો સિઝન-૯ને અદિતી શાહ મ્યુઝિક એ રજૂ કર્યો છે. જેની વિડીયો લીંક છે https://www.instagram.com/tv/B-bcBL4n0rX/?utm_source.

# સમસ્ત મહાજનની B2B સમિતિ દ્વારા ઈન્સ્યુરન્સ સેક્ટર સાથે જોડાયેલાઓ માટે વોટસએપ ગ્રુપ બનાવ્યુ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની B2B સમિતિ દ્વારા જ્ઞાતિના જે ભાઈ બહેનો ઈન્સ્યુરન્સ સેક્ટરની સેવા સાથે જોડાયેલા છે. તે સૌને વ્યાપાર વિકાસ સમિતિ આવકારી તે સૌ એક સાતે સંકળાય, એક બીજા સાથે સહેલાઈથી સંપર્ક સૂત્ર જાળવી શકે એ માટે એક વોટ્સએપ ગ્રુપ શરૂ કરેલ છે. આ ગ્રુપ જોડાવવા માટે https://chat.whatsapp.com/Bq8W5VW5Qa9AVvtEqnwb3w લીંકનો ઉપયોગ કરવો.

# મુંબઈ મહાજનના વોટ્સએપ ગ્રુપમાં જ્ઞાતિજનો જોડાય

કેડીઓ મુંબઈ મહાજનના વોટ્સએપ ગ્રુપમાં જ્ઞાતિજનો જોડાય એ માટે મહાજન દ્વારા મો.નં. ૮૪૧૯૯૯૭૭૦૦ જાહેર કરાયો છે. જેની સાથે સૌ એનરોલ કરી શકે છે. આ નંબર ઉપર OK અને પોતાનું પુરૂનામ લખીને મેસેજ મોકલવો. હવે પછી મુંબઈ મહાજન સાથે વાતચીત માટે આ નંબરને સેવ કરી લેવો.

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ–૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪

# સમુહ વર્ષીતપ પારણા

# જાહેર નિવેદન...



તપચક્ર–ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી
ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના ૫૩મા વરસીતપના પગલે પગલે...

**અચલગચ્છીય સંઘમાં ૪૦૦ થી અધિક આરાધકો તપસ્યા કરી રહ્યા છે.**

અંતિમ ચરણમાં પહોંચેલ આપની તપસ્યાની અનુમોદના કરી શાતા પૂછીએ છીએ.

**છેલ્લા ૩૦ વર્ષથી શ્રી સંઘ ચતુર્વિધ શ્રી સંઘના વરસીતપના સામુહિક પારણાનું આયોજન કરી રહેલ છે.**

**આ વરસે પણ વૈશાખ સુદ ૩, તા. ૨૫-૪-૨૦૨૦ ના સામૈયા ગ્રાઉન્ડ, ચુનાભટ્ટી, મુંબઈ મધ્યે**

**૨૦૦ વરસીતપના તપસ્વીઓના પારણાનું આયોજન વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષી આ વરસે રદ કરવામાં આવે છે.**

**જોડાયેલા દરેક તપસ્વીઓએ નોંધ લઈ આપની દીર્ઘ તપસ્યાના પારણા આપ આપની અનુકુળતા પ્રમાણે ગોઠવશોજી.**

**પારણા કરવાનો સમય, કઈ રીતે પારણા કરવા, પચ્ચક્ખાણ વગેરે માહિતી અચલગચ્છાધિપતિશ્રીની આજ્ઞા પ્રમાણે યોગ્ય માધ્યમ - યોગ્ય સમયે જણાવવામાં આવશે.**

**આપને પડેલ તકલીફ બદલ દિલગીર છીએ.**

: લિ. :

પ્રમુખ : રતનલાલ દેવીચંદજી વડેરા (બાડમેર)

: ઉપપ્રમુખ :

હેમચંદ મુરજી ગડા (નાના રતડીયા ) ચીમન મેઘજી મોતા (વારાપધર)

: મંત્રીઓ :

વિનોદ ખીમજી ગંગર (ચુનડી) મિશ્રીમલ આસુલાલજી શ્રીશ્રીમાલ (બાડમેર)

પ્રવીણ ટોકરશી લોડાયા (કોઠારા) જયંતકુમાર ચીમનલાલ સંઘવી (મુન્દ્રા)

હરખચંદ ખીમજી ગંગર - કન્વીનર - સમુહ પારણા સમિતિ

BINITA MARU - 9869034162

# ડોક્ટરોને ઉપયોગી પ્રોટેક્ટીવ શિલ્ડ માસ્ક તૈયાર કર્યા ભાવિન નાગડાએ

હાલે સર્જાયેલી પરિસ્થિતિમાં દર્દીઓની સારવાર માટે દિવસ-રાત સેવા રત ડોક્ટરોને ઉપયોગી થાય એવા પ્રોટેક્ટિવ શિલ્ડ માસ્ક જાણીતા મહેંદી આર્ટિસ્ટ અને કેડીઓ નારી સશક્તિકરણ સમિતિના કન્વીનર વીણા નાગડાના પુત્ર ભાવિન નાગડાએ પારદર્શક એક્રેલિકસીટ અને બેઝિક મટેરિયલના ઉપયોગથી તૈયાર કર્યા છે.

માસ્કની જોઈતી જરૂરિયાત માટે મો.નં. ૯૯૩૦૦૯૧૧૭૯ ઉપર ઈમેઈલ આઈડી સાથે વિગત મોકલવી.





## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
## મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



## માતુશ્રી ગુણવંતીબેન ઉમરશી લોડાયા
હસ્તે
## શ્રી વિજય ઉમરશી લોડાયા
તેરા, કારંજા

# સંજીવની સિલ્વર પેટ્રોન
# Rs. 25,000


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા




● વતનમાં વર્ષોવર્ષ આવતી કુદરતી આપદાઓને લીધે વિદેશ હિજરત કરી ગયેલી કચ્છની પેઢી કાળઝાળ મજૂરી પછી વિવિધક્ષેત્રે પ્રગતિ પામી રહી છે. મૂળ સુખપર રોહાના અને દાર-એ-સલામ તાંઝાન્યાની ક્રિકેટ એસોસિયેશનના ચેરમેન પદે ચૂંટાયેલા પ્રેમજીભાઈ પિંડોરીયા સતત પોતાની કર્મભૂમિ ક્રિકેટમાં આગેકૂચ રહે તે માટે પ્રયત્નશીલ છે. હાલમાં આ દેશમાં પચીસ હજાર યુવાનો ક્રિકેટ રમે છે. તેમના કાર્યકાળના પ્રથમ ત્રણ વર્ષમાં તાન્ઝાનિયાને વર્લ્ડકપ ક્વોલિફાય કરવાની નેમ ધરાવે છે. હાલમાં તાન્ઝાનિયા સરકારની મદદથી ૧૨ એકર જમીન પર આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્ટેડિયમ બનાવવાનું કાર્ય પ્રગતિમાં છે.

● પુલવામાના ગોઝારા આતંકી હુમલાની પ્રથમ વરસીએ ભુજ રનર્સ ક્લબના બે સભ્યો જિજ્ઞેશ નિરંજન જેઠવા અને પુલવામાના ફરજ બજાવી ચૂકેલા આર્મી મેન ઉમેદસિંહ સોઢાએ ૧૮ કલાકમાં ૯૬ કિલોમીટર કાપીને ભુજથી માતાના મઢની દોડ વિક્રમી રીતે પૂરી કરી હતી. આ સાહસ દ્વારા બંન્ને રર્નસોએ પુલવામાના શહિદોને અંજલિ આપી હતી.

● તાજેતરમાં જયપુર ખાતે ઈન્ડિયન ડેરી એસોસિયેશન દ્વારા યોજાયેલી ૪૮મી કોન્ફરન્સમાં જુદી જુદી કેટેગરીમાં એવોર્ડ જાહેર કરી એનાયત કરાયા. વર્ષ ૨૦૧૯ના વર્ષનો દેશના શ્રેષ્ઠ મહિલા ડેરી ફાર્મર પશ્ચિમ ઝોનનો એવોર્ડ માહી મિલ્ક પ્રોડ્યુસર કંુ. લિમીટેડના દૂધ ઉત્પાદક સદસ્ય માંડવી તાલુકાના બાગ ગામના લક્ષ્મીબેન મોતાને આપવામાં આવ્યો.

● વાગડ બે ચોવીસી મહાજન ભુજ દ્વારા મહિલાઓ તથા કન્યાઓ માટે મહિલા સુરક્ષા માર્ગદર્શન સેમિનારનું આયોજન કરાયું હતું. જેમાં મહિલા પોલીસ અધિકારીએ મહિલાઓ અને કન્યાઓને આજના યુગમાં પોતાની જાતનું કેવી રીતે રક્ષણ કરવું અને અચાનક આવી પડેલી સમસ્યાનો સામનો કરવો તેની સમજ આપી હતી.

● નવી દિલ્હી ખાતે ભારત સરકારની બ્રિડ રજિસ્ટ્રેશન કમીટીની બેઠકમાં વર્ષો જૂની માંગને કારણે કચ્છી ગધેડાની માન્યતાને મંજૂરી અપાઈ છે. ભારતમાં હિમાચલના સ્પીટી, જામનગરના હાલારી પછી કચ્છી ગધેડાની નસલને રજિસ્ટ્રેશન સાથે રાષ્ટ્રીય સ્તરે ગધેડાની ત્રીજી ઓલાદ તરીકે માન્યતા આપવામાં આવી છે. કચ્છમાં આશરે ૩ હજારથી ચાર હજાર કચ્છી ગધેડાની વસ્તી છે. આમ સહજીવન સંસ્થા ભુજ, પશુપાલન વિભાગ ગાંધીનગર અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા હાથ ધરાવેલા પ્રયાસોને આમ સફળતા મળી છે.

● વેસ્ટર્ન બોર્ડ એવિએશન સર્વીસ દ્વારા ધોરણો ટેન્ટસિટી અને સફેદ રણના સહેલગાહે જતાં પ્રવાસીઓ માટે હેલિકોપ્ટર રાઈડની સુવિધા શરૂ કરવામાં આવી છે.

● ભુજમાં શ્રી કીર્તિલતાશ્રીજી મ.સા., શ્રી કલ્પરસાશ્રીજી મ.સા. તથા શ્રી હંસમાલાશ્રીજી મ.સા આદિઠાણાની હાજરીમાં ૪૧૩ વર્ષ પ્રાચીન ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની ૪૧૩મી વર્ષગાંઠ પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવ યોજાયો વ્યાખ્યાન, પંચ કલ્યાણ પૂજા, અઢાર અભિષેક, ધ્વજા રોહણ સાથે સ્વામી વાત્સલ્યના કાર્યક્રમો થયા.

● ભાવનગરના કચ્છ સમાજ દ્વારા ૨૨મું કચ્છી કલાપ્રદર્શન યોજાયું હતું. સંસ્થાના ૧૩૦ સ્વયં સેવકોએ બે દિવસ માટે કરેલા સેવાયજ્ઞમાં પંચોતેર હજાર વધુ લોકોએ મુલાકાત લઈ ત્રીસ લાખની કચ્છી હસ્તકલાની વિવિધ ચીજ વસ્તુઓની ખરીદી કરી હતી.

# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી દ્વારા આયંબિલ ઓળીની આરાધના

તા. ૩૦ માર્ચ સોમવારનો દિવસ આયંબિલનો પ્રથમ દિવસ અરિહંત પદની આરાધનનો પહેલો દિવસ, આજના દિવસે ડોંબિવલી સંઘના સૌ આરાધકો વિશાળ સંખ્યામાં આયંબિલ તપ આરાધનામાં સ્વઘરે રહી તપ આરાધનામાં જોડાયા આયંબિલ કર્યા. સર્વે આરાધકોની અનુમોદના સંઘ કરે છે.

વર્ધમાન તપની ઓળી તથા નવપદની ઓળીના તપસ્વીઓ પોનાનું નામ મોનં ૮૮૯૮૮૨૩૮૯૯ પર નોંધાવી લેવા. સહુ શ્રાવકો શાતામાં રહેજો આપની આરાધનાથી જ કોરોના જરૂરથી ભાગશે એવી સંઘની શ્રદ્ધા છે.

સ્વદ્રવ્યથી આયંબિલની ઓળી કરવાનો અનેરો અવસર આવ્યો છે. સમય, સંજોગ અને વર્તમાન પરિસ્થિતિને કારણે વર્ષોથી ચાલતી ઉચ્ચ પરંપરા અનુસાર ઓળીની શરૂઆત તા. ૩૦ માર્ચ સુદ ૭ને સોમવાર શાશ્વતી આયંબિલની ઓળી, ચૈત્રી સુદ તેરસને રવિવાર તા. ૫ એપ્રિલ મહાવીર જન્મ કલ્યાણક અને તા. ૭ એપ્રિલ બુધવાર ચૈત્રી સુદીપુનમ ઓળીની પુર્ણાહુતિ. વર્તમાન સંજોગોને અનુસરી સ્વદ્રવ્યથી ઘરમાં દરેક પરિવારજનો સાથે રસ ત્યાગવૃતિ સંક્ષેપ ઉણોદરી તપ, ગુપ્ત પણ તપ કરવું. જયણા સાથે સાધુ-સાધ્વીજી ભગવંતની ગોચરીનો લાભ, આયંબિલના આરાધકની સાધર્મિક ભક્તિનો લાભ તો સહુ આ વખતે તપનું મનોબળ જાળવીને શક્ય તેટલી આરાધના સૌ કરીએ.

ઓળી કરનાર શ્રીસંઘના આરાધકનું અનુકળતા પ્રમાણેની તારીખના દિવસે વિશિષ્ટ બહુમાન કરવામાં આવશે. દરેક તપસ્વીએ પોતાના નામ મોનં. ૮૮૯૮૮૨૩૮૯૯ ઉપર વોટ્સઅપ અથવા એસએમએસ કરવા. બહુમાનના લાભાર્થી એક સદ્‌ગૃહસ્થ પરિવાર છે. સૌ શાતામાં રહેજો એજ શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીની ભાવના.

## જીવન ઘટમાળ

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૩.૨૦૨૦ | ભુજોડી | પારસ મણશી રતનશી ડાઘા | વરાડીયા | - |
| | અંકલેશ્વર | કાજલ લક્ષ્મીચંદ પદમશી પનપરીઆ | નાગ્રેચા | - |

### • મરણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૦૪.૨૦૨૦ | ગજબાસોદા | લક્ષ્મીબાઈ લક્ષ્મીચંદ ખોના | જખૌ | ૮૦ |
| ૦૬.૦૪.૨૦૨૦ | ડોંબિવલી(પ) | રાજેશ રાયચંદ લોડાયા | નલિયા | ૪૪ |
| ૦૧.૦૪.૨૦૨૦ | જલગામ | પ્રવીણ ગોવિંદજી લોડાયા | બોરાઈ | ૬૭ |
| ૦૪.૦૪.૨૦૨૦ | દલતુંગી | ચંદુલાલ લાલજી માલદે (ડાઘા) | દલતુંગી | ૮૪ |
| ૦૧.૦૪.૨૦૨૦ | પવઈ | મણીબેન વર્ધમાન ખોના | સુજાપુર | ૮૫ |
| ૦૩.૦૪.૨૦૨૦ | કલ્યાણ | તેજસ ભુપેન્દ્ર મોમાયા | વરાડીયા | ૩૬ |
| ૨૧.૦૩.૨૦૨૦ | કલ્યાણ | માનકુંવર નવીનચંદ્ર લાલકા | નલિયા | ૨૧ |


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL


KDO Gyatimaiya Weekly E-magazine KDO